सत्यमेव जयते

**કેસ દાખલ થયા તારીખ : ૨૬-૩-૨૦૧૯**
**કેસ રજીસ્ટર થયાની તારીખ:૨૬-૩-૨૦૧૯**
**કેસ નિકાલ તારીખ :૩૧-૧૨-૨૦૨૫**
**સમયગાળો . વ. મા. દિ.**

# ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, અજાર-કચ્છ

---

**સેશન્સ કેસ નં. ૧૫/૨૦૨૦**
**આંક -**

**<u>ફરિયાદી :-</u>** **શ્રી સરકાર મારફતે,**
**શ્રી એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર,**
**અંજાર કોર્ટ કમ્પાઉન્ડ,**
**અંજાર-કચ્છ.**

**<u>વિરુધ્ધ</u>**

**<u>તહોમતદાર :-</u>** **અતુલ ધના આહીર,**
**રહે: અમરાપર, તા: અંજાર-કચ્છ**

---

**શ્રી સરકાર તરફેઃ-** **વિ.એજી.પી.શ્રી આશિષ.પી.પંડ્યા**
**બચાવપક્ષ તરફેઃ-** **વિ.વ.શ્રી એચ.આઇ.ત્રીવેદી**

---

**<u>ગુન્હો</u> :-** **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૬,૩૭૬(૧),૩૯૨, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ.**

## <u>-:: જજમેન્ટ ::-</u>

(૧) ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,તા:૨૦-૦૧-૨૦૧૯ના આ કામના આરોપીએ ફરીયાદીને છરી બતાવી, જાનથી મારી નાખવાની

ધમકી આપી બુલેટ મોટરસાયકલ ઉપર બેસાડી અપહરણ કરી લઇ જઇ તેની મરજી વિરૂધ્ધ તેણીની સાથે દુષ્કર્મ કરી તેણીનો મોબાઇલ ઝુટવી લઇ હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ તે અંગેની ફરીયાદ ના આધારે તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ ચાજશીટ અધિક ચીફ જયુશડીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરેલ અને તેઓ ધ્વારા પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની તથા આરોપીઓ ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનુ જણાવેલ હોઇ જેથી તેઓ ધ્વારા સેશન્સ કોર્ટમાં કેસ કમીટ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીઓ સામે ઉપરોક્ત ગુનાનું તહોમતનામું આંક-૧૪ થી તા.૧૦-૦૭-૨૦૨૩ ના રોજ ફરમાવવામાં આવેલ અને સદર તહોમતનામું વાંચી, સંભળાવતા આરોપીઓએ આંક- ૧૫ ૮ થી તેમના નિવેદનમાં (પ્લીમાં) ગુનાનો ઈન્કાર કરેલ છે અને તેઓની સામેની ઈન્સાફી કાર્યવાહી આગલ ચલાવવા વિનંતી કરેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિદ્વાન એડીશ્નલ જી.પી.શ્રીએ વધુ કોઈ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતા અને ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું પુરશીષથી જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓના સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ સોંગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં કાંઈ કહેવુ છે ? તેના સવાલના જવાબમાં, આરોપીઓએ અમો નિર્દોષ છીએ, કહેવાતો ગુનો કરેલ નથી, અમો કુટુંબ પરીવારવાળા ગરીબ વર્ગના વ્યક્તિ છીએ, ખોટા મતભેદ રાખી, અમો વિરુદ્ધ ખોટો પુરાવો ઉભો કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે. અમો નિર્દોષ હોઈ, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ફરિયાદપક્ષની દલીલઃ-</u>**

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.જી.પી.શ્રી એ.પી.પંડ્યાએ દલલમાં

જણાવેલ છે કે, ફરિયાદી, ભોગ બનનાર અને પોલીસ સાહેદની જુબાની ધ્યાને લેતાં, આરોપીએ ગુનો કરેલ હોવાનું પુરવાર થતું હોય, સમાજમાં દાખલો બેસે તેટલા માટે પણ સજા કરવા દલીલમાં જણાવેલ છે.

**<u>બચાવપક્ષની દલીલઃ–</u>**

(૫) આ કામે બચાવ પક્ષે વિદ્વાન વકીલશ્રી જી.એસ.શેખ ને સાંભળેલા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી, ઈજા પામનાર, પંચો ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય, આરોપીઓ નિર્દોષ હોય, ખોટી ફરીયાદ ઉપજાવી કાઢેલ હોય, કેસ પુરવાર થતો ન હોય, આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલમાં જણાવેલ છે.

(૬) આ કામે બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ/પુરાવાઓ ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

**–:: મુ દ્દા ઓ ::–**

**મુદ્દા નં.૧ઃ–** શું ફરિયાદ પક્ષ એ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા:૨૦–૦૧–૨૦૧૯ના આ કામના આરોપીએ ફરીયાદી ને છરી બતાવી, જાનથીમારી નાખવાની ધમકી આપી બુલેટ મોટરસાયકલ ઉપર બેસાડી અપહરણ કરી લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ તેણીની સાથે દુષ્કર્મ કરી તેણીનો મોબાઈલ ઝુટવી લઈ હથિયાર બંધીના જહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬, ૩૭૬(૧),૩૯૨,૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ –૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલા છે ?

મુદ્દા નં.૨ઃ– મુદ્દામાલ અંગે શું હુકમ ?

મુદ્દા નં.૩–    શું આખરી હુકમ?

(૭)    ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧    :–    નકારમાં.

મુદ્દા નં.૨    :–    આખરી હુકમ મુજબ.

મુદ્દા નં.૩    :–    આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) આ કામના આરોપીઓ તા:૨૦–૦૧–૨૦૧૯ના આ કામના આરોપીએ ફરીયાદીને છરી બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી બુલેટ મોટરસાયકલ ઉપર બેસાડી અપહરણ કરી લઇ જઇ તેની મરજી વિરૂધ્ધ તેણીની સાથે દુષ્કર્મ કરી તેણીનો મોબાઇલ ઝુટવી લઇ હથિયાર બંધીના જાહેરનામાનો કરી,ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬,૩૭૬(૧),૩૯૨, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ગુનાનો આક્ષેપ રહેલો છે.

(૯) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના એ.આઈ.આર. ૧૯૭૭, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૭૦ ઉપરના રવિકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સાના જજમેન્ટ મુજબ ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ક્રિમિનલ ટ્રાયલમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબના ગુન્હાઓ આરોપીએ કરેલ હોવાનું નિ:શંકપણે ફરિયાદપક્ષે તેઓ તરફે રજુ કરેલ પુરાવા દ્વારા પુરવાર કરવાનું હોય છે અને ફરિયાદપક્ષે આરોપીના બચાવની નિર્બળતાથી પોતાનો કેસ પુરવાર કરવાનો લાભ મળી શકતો નથી અને આરોપી સામેના ગુન્હાઓ પુરવાર થાય નહીં ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું માનવુ પડે. આમ, ઉપરોકત જજમેન્ટ મુજબ ફરિયાદપક્ષ ઉપર તહોમતનામું પુરવાર કરવાની જવાબદારી રહે છે.

આમ, ઉપરોકત ચુકાદો જોતાં આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે

આંક–૧૪ નું તહોમતનામું પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે પુરાવાના આધારે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે કેમ અને તે પુરાવો આરોપી સામે વિશ્વાસનીય હોવાનું ફલીત થાય છે કે કેમ તેનો નિર્ણય ફરિયાદપક્ષે આ કામે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજ પુરાવાનું મુલ્યાંકન કરી તેને આધારે કરવાનો રહે છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**–:: મોખિક પુરાવાઓ ::–**

**ફરિયાદી તથા સ્વતંત્ર સાહેદોનો પુરાવો**

| અ.નં. | સાહેદનુ નામ | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ ઇમ્તીયાઝ હ્યુમ માંજોઠી | ૦૧ | ૧૭ |
| ૨ | પંચ મુસ્તાક જુશબ લુહાર | ૦૨ | ૧૯ |
| ૩ | પંચસાહેદ હરીભાઇ ઘનાભાઇ આહીર | ૦૩ | ૨૧ |
| ૪ | પંચ સાહેદ સચીનભાઇ નાથાભાઇ સથવારા | ૦૪ | ૨૬ |
| ૫ | ભોગ બનનાર સાહેદ | ૦૫ | ૩૫ |
| ૬ | સાહેદ મુમતાજબેન ઉમરભાઇ લુહાર | ૦૬ | ૩૮ |
| ૭ | સાહેદ ઉમરભાઇ અબ્દુલભાઇ લુહાર | ૦૭ | ૩૯ |
| ૮ | સાહેદ રવિ રામજીભાઇ મહેશ્વરી | ૦૮ | ૪૦ |
| ૯ | પંચ શોકત કાસમ લુહાર | ૦૯ | ૪૨ |
| ૧૦ | પંચ કાસમ આમદ માંજોઠી | ૧૦ | ૪૪ |
| ૧૧ | સાહેદ વશરામભાઇ દેવરામભાઇ ચૌઘરી | ૧૧ | ૪૫ |
| ૧૨ | પી.એસ.ઓ. સંજયભાઇ નાનાભાઇ પરમાર | ૧૨ | ૪૬ |
| ૧૩ | પંચ સાહેદ વેલજીભાઇ રાણાભાઇ મેરીયા | ૧૩ | ૪૦ |
| ૧૪ | પંચ સાહેદ રણછોડભાઇ ખુમાણભા ગાગલ | ૧૪ | ૫૧ |
| ૧૫ | પંચ સાહેદ ભોગીલાલ દામજીભાઇ સથવારા | ૧૫ | ૫૨ |
| ૧૬ | સાહેદ લતીફ આમદ માંજોઠી | ૧૬ | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | પંચ રણછોડ ગોપાલભાઇ માતા | ૧૭ | ૫૮ |
| ૧૮ | પંચ સાહેદ પચાણ કરશનભાઇ ચાવડા | ૧૮ | ૬૦ |
| ૧૯ | સરકારી સાહેદ શાંતીબેન માલદેવાભાઇ ચાવડા | ૧૯ | ૬૧ |
| ૨૦ | ડો. અમ્બરીશ રતનકુમાર વશીષ્ટ | ૨૦ | ૬૩ |
| ૨૧ | ત.ક.અ. કુણાલસિંહ  વિજયસિંહ લાકોડ | ૨૧ | ૮૨ |

## -:: દસ્તાવેજી પુરાવાઓ ::-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગ બનનારના કપડા કબજે કરેલાનુ પંચનામુ | ૧૮ |
| ૨ | મુદ્દામાલ જપ્ત કરેલાનુ પંચનામુ | ૨૦ |
| ૩ | અટક પંચનામુ | ૨૨ |
| ૪ | બનાવ વાળી જગ્યાનુ પંચનામુ | ૨૭ |
| ૫ | અસલ ફરીયાદ | ૩૬ |
| ૬ | ભોગ બનનારનુ  નિવેદન | ૩૭ |
| ૭ | સ્થાનીક જગ્યાનુ  પંચનામુ | ૪૩ |
| ૮ | એફ.આઇ.આર. | ૪૭ |
| ૯ | સેમ્પલ કબજે કરેલાનુ પંચનામુ | ૫૦ |
| ૧૦ | ઝડતી પંચનામુ | ૫૯ |
| ૧૧ | હથિયાર બંધીનુ જાહેરનામુ | ૬૨ |
| ૧૨ | ભોગ બનનારનો મેડીકલ રીપોર્ટ | ૬૪ |
| ૧૩ | મેડીકલ રીપોર્ટ | ૬૫ |
| ૧૪ | આરોપીની મેડીકલ તપાસણી સટી યાદી | ૬૬ |
| ૧૫ | ભોગ બનનારની મડીકલ તપાસણીની યાદી | ૬૭ |
| ૧૬ | એફ.એસ.એલ. પહોચ | ૮૪ |
| ૧૭ | ગુનો રજી. માટેની યાદી | ૮૫ |
| ૧૮ | તપાસના કામે કરેલ દસ્તાવેજો | ૮૬ થી ૯૭ |
| ૧૯ | યાદીઓ | ૯૮ થી ૧૦૩ |

**(૧૧)** આ કામે હાલના આરોપી સામે  ભારતીય દંડ સંહિતાની કલમ-

૩૯૫,૩૯૭,૩૨૫, ૩૨૩,૪૨૭,૫૦૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ હેઠળનાં આક્ષેપો અંગેની ચાર્જશીટ થયેલ છે અને તે અંગેનું આંક-૧૫ થી તા.૨૭/૦૯/૨૦૧૬ નાં રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**ફરિયાદીની જુબાનીઃ-**

(૧૨) આ કામે આંક-૩૫ થી ફરીયાદી-ભોગ બનનારને તપાસેલ છે. તેણીએ જણાવેલ છે કે તેના લગ્ન થઇ ગયેલ છે અને તેણી પોતાના પતિ સાથે ભુજ મુકામે રહે છે અને તેણીનો જન્મ તા: ૦૬-૦૭-૨૦૦૦ ના રોજ થયેલ છે અને માતા-પિતા નવી દુધઇ ગામે રહે છે.

આજથી ચારેક વર્ષ પહેલા આરોપીની દુકાને કપડા લેવા ગયેલ ત્યારે સામાન્ય વાતચીત થયેલ ગેરસમજના કારણે આંક-૩૬ ની ફરીયાદ આપેલાનુ જણાવેલ છે. પોલીસ શારીરિક તપાસણી માટે દવાખાને લઇ ગયેલ અને કોર્ટમા પણ નિવેદન આપેલાની હકીકતો જણાવેલ છે.

આમ, ઉપરોક્ત ફરીયાદી ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોઇ, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવાની માગણી કરતા, અને ઉલટતપાસમા પુછી શકાય તેવા સિધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઇ પુરાવો આપેલ નથી.

ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ત્રણ વર્ષ પેલા તેણીના લગ્ન ગઇ ગયેલ છે અને સાસરે છે અને આરોપીએ કોઇ બળજબરીપૂર્વક દુષ્કર્મ કરેલ નથી, છરી બતાવેલ નથી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. બળજબરીથી મોબાઇલ પડાવી લીધેલ નથી. પોલીસને માત્ર નામ સરનામુ પુછેલ અને ફરીયાદમા સહી કરેલ તેમા શુ લખેલ તેની ખબર નથી. પોલીસે કોઇ વસ્તુ કબજે કરેલ નથી અને તેણીની કોઇ શારીરિક તપાસણી કરવામાં આવેલ નથી, સેમ્પલો લેવામા આવેલ નથી, અને પોલીસ બનાવ વાળી જગ્યાએ લઇ ગયેલ નથી અને તેમના કહેવા મુજબ કલમ-૧૬૪ નુ નિવેદન આપેલાનુ

જણાવેલ છે.

**<u>ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીઃ–</u>**

(૧૩) આંક–૩૮ થી એમ.યુ. લુહાર ને તપાસેલ છે. તેણીએ જણાવેલ છે કે તેણી પોતાના પતિ કુટુબ સાથે રહે છે અને ભોગ બનનાર આઠ ધોરણ સુધી ભણેલી છે.

ચારેક વર્ષ પહેલા તેણીના પતિ ભુજ દવાખાને ગયેલા ભોગ બનનાર એકલી ઘરે હતી અને દીકરો પણ ઘરે હતો. અને ભુજથી પરત આવેલા ત્યારે અન્ય દીકરીએ કહેલ કે ભોગ બનાનર કચોર ફેકવા ગયેલ અને પરત આવેલ નથી અને તેણીનો ફોન બંધ આવતો હોઇ, તપાસ કરવા છતાં મળેલ નહિ અને ગામના નૈતિક ભાઇ મળેલા અને તેમણે આરોપી સાથે ભોગ બનનાર જતા હોવાનુ જોયેલ તેથી તેમને પરત લાવેલાનુ જણાવેલ છે. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

આમ, ઉપરોક્ત સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવાની માગણી કરતા, અને ઉલટતપાસમા પુછી શકાય તેવા સિધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઇ પુરાવો આપેલ નથી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે પોલીસે માત્ર નામ સરનામુ પુવેલ. ભોગ બનનારની જન્મ તારીખ યાદ નથી. તેણીએ કંઇ કહેલ નથી, તેણીને લઇ કયાંય ગયેલ નથી. લતીફભાઇ અને રમેશભાઇ સાથે કંઇ વાતચીત થયેલ નહી હોવાનુ જણાવેલ છે.

આંક–૩૯ થી ઉમરભાઇ લુહાર ને તપાસેલ છે. તેઓએ પોતાના પરીવાર સાથે રહેતા હોવાનુ અને ભોગ બનનાર આઠ ધોરણ ભણેલ હોવાનુ જણાવેલ છે.

ચારેક વર્ષ પહેલ તેમની પત્ની સાથે ભુજ દવાખાને ગયેલા ભોગ બનનાર એકલી ઘરે હતી અને દીકરો પણ ઘરે હતો. અને ભુજથી પરત આવેલા ત્યારે અન્ય દીકરીએ કહેલ કે ભોગ બનાનર કચોર ફેકવા ગયેલ અને પરત આવેલ નથી અને તેણીનો ફોન બંધ આવતો હોઇ,

તપાસ કરવા છતાં મળેલ નહિ અને ગામના નૈતિક ભાઈ મળેલા અને તેમણે આરોપી સાથે ભોગ બનનાર જતા હોવાનુ જોયેલ તેથી તેમને પરત લાવેલાનુ જણાવેલ છે. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

આમ, ઉપરોક્ત સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવાની માગણી કરતા, અને ઉલટતપાસમા પુછી શકાય તેવા સિધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઇ પુરાવો આપેલ નથી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે પોલીસે માત્ર નામ સરનામુ પુવેલ. ભોગ બનનારની જન્મ તારીખ યાદ નથી. તેણીએ કંઇ કહેલ નથી, તેણીને લઇ કયાંય ગયેલ નથી. લતીફભાઇ અને રમેશભાઇ સાથે કંઇ વાતચીત થયેલ નહી હોવાનુ જણાવેલ છે.

આંક–૪૦ થી રવિ મહેશ્વરીને તપાસેલ છે. પોલીસે ચારેક વર્ષ પહેલા બોલાવેલ અને નામ સરનામુ પુછેલ. બનાવ બાબતે કાંઈ જાણતા નહિ હોવાનુ જણાવેલ છે અને કોઇ સાથે વાતચીત કંઇ થયેલ નહિ હોવાનુ જણાવેલ છે.

આંક–૫૩ થી લતીફ માંજોઠીને તપાસેલ છે. તેઓએ પરીવાર સાથે રહેતા હોવાનુ. પાંચેક વર્ષ પહેલા ઉમરે ફોન કરેલ કે ભોગ બનનાર કચરો નાખવા ગયેલ અને પરત ફરેલ નથી અને તેનો ફોન સ્વીચ ઓફ આવે છે. તેથી તેણીની શોધખોળ કરવા ગયેલા તે સીવાય બનાવ બાબતે કંઈ જાણતા નહી હોવાનુ અને પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ હોવાનુ જણાવેલ છે.

ઉપરોકત બંને સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવાની માગણી કરતા, અને ઉલટતપાસમા પુછી શકાય તેવા સિધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઈ પુરાવો આપેલ નથી.

ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ અને બનાવ બાબતેની કોઇ જાત માહિતી નથી. કોઇ સાથે

વાતચીત થયેલ નહી હોવાનુ જણાવેલ છે.

**મેડીકલ સાહેદની જુબાની :–**

(૧૪) આ કામે આંક–૬૩ થી ડો. અમ્બરીશ  વશીષ્ટને તપાસેલ છે. તેઓએ તા: ૨૩–૦૧–૨૦૧૯ ના રોજ અંજાર સરકારી દવાખાને ફરજ ઉપર હતા ત્યારે પો.કો. સાથે ભોગ બનનારને મેડીકલ તપાસણી તથા જરૂરી સેમ્પલો માટે લાવેલા, તેણી આઠ ધોરણ ભણેલ હતા અપરણીત હતા, એક વખત માસીક આવેલુ, ભુરા કલરના તલનુ  નિશાન હતુ. શરીરના બાહ્ય અંગો વિકસીત હતા અને ભાનમા હતા.

ભોગ બનનારને પુછતા આરોપીને બે વર્ષથી ઓળખતા હોવાનુ, વારંવાર મળતા હોવાનુ, અને તે બુલેટ ઉપર લઇ ગયેલ અને સાંજે પરત ઘરે આવી ગયેલ.  તે વખતે બંને વચ્ચે એક વખત શારીરિક સબંધ બાંધવામાં આવેલ. અને બે વર્ષમાં બે–ત્રણ વખત બંને શારીરિક સબંધ બાંધેલાનુ જણાવેલ છે.

ભોગ બનનારના લોહી, સવાઇકલ સ્વેબ, સલાઇવા, નખ, યુબીક હેર, વજાઇનલ સ્વેબ ના સેમ્પલો ચકાસણી માટે લીધેલા અને ભોગ બનનાર સાથે શારીરીક સ્બંધ બંધાયેલ હોવાની શકયતા નકારી શકાય નહિ અને ચોકકસ અભિપ્રાય એફ.એસ.એફ. રીપોર્ટના આધારે આપી શકાયનુ જણાવેલ છે.

**આરોપીની દાકતરી ચકાસણી**

તા:૨૭–૦૧–૨૦૧૯ ના પોતે ફરજ પર હતા ત્યારે આ કામના આરોપીને જરૂરી મેડીકલ તપાસણી કચતા સેમ્પલો માટે પોલીસ સાથે લાવવામાં આવેલ. તે બાર ધોરણ ભણેલ હોવાનુ અને પુરૂષ હોવાનુ તથા તેમનાં બાહ્ય અંગો વિકસીત હોવાનુ, ભાનમાં હોવાનુ જણાવેલ છે. આરોપીને કોઇ બિમારી જણાયેલ નહી અને તેમના સૈમ્પલો સલાઇવા, નખ,બ્લડ, સીમેન, કયુબીક હેર લેવામાં આવેલ અને આ વ્યકિત શારીરિક સંભોગ કરવા માટે સક્ષમ હોવા અંગેનો ચોકકસ અભિપ્રાય એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યેથી આપી શકાય નુ જણાવેલ

છે અને તે અંગેના દસ્તાવેજો આંક–૬૪ થી આંક–૬૮ સુધીના રજુ કરેલ છે.

ઉપરોકત ડોકટર એ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ભોગ બનનારની તપાસણી દરમ્યાન કોઇ ઈજાઓ કે નિશાનીઓ જોવામાં આવેલ નહી અને કોઇ ફાઇનલ ઓપીનીયન પોલીસે તેમનો લીધેલ નથી તેમ જણાવી અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**<u>પંચ સાહદોઃ–</u>**

**(૧૫)** આંક–૧૭ થી ઇમ્તીયાઝ માજોઠી ભોગ બનનારે રજુ કરેલા મુદ્દામાલ રીકવરી પંચનામના પંચને તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે પોલીસ સ્ટેશને એક લેડીસ અને જેન્સ હાજર હતા એ લેડીસે લેગીસ, ટોપ રજુ કરેલ અને અન્ય વ્યકિતએ સફેદ ગજી વિગેરે રજુ કરેલ તે અંગેનુ આંક–૧૮ નુ પંચનામુ કરવામાં આવેલ અનૂ પંચ નં.૧ તરીકે તેમણે સહી કરેલ અને નં.૨ ,૩ હાજર હતા અને તેઓએ પણ સહી કરેલાનુ જણાવેલ છે. ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે તેઓ પોલીસ સ્ટેશને ગયેલ તે પહેલા પંચ નં.૨ ત્યા હાજર થઇ ગયેલ હતા અને તેઓએ પંચનામામા સહી કરેલ હતી. અને પોલીસે આ બેનના કપડા હોવાનુ કહેલ છે આ સીવાય અન્ય કોઇ વાતચીત તેમની સાથે થયેલ નહિ શહોવાનુ જણાવી અન્ય હકીકતોનો ઇનકાર કરેલ છે.

આંક–૩૯ થી મુસ્તાક જુસબ લુહારને તપાસેલ છે. તેઓએ પોલીસે પોલીસ સ્ટેશને બોલાવેલ અને ભોગ બનનાર સેમસંગ કંપનીનો ફોન રજુ કરેલ તે અંગે પંચનામુ થયેલ અને તેમા સહી કરેલાનુ જણાવેલ છે. ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓ ખેત મજુરી કરે છે અને પોલીસે ખેતરે બોલાવવા માટે આવેલ. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

આંક–૨૧ થી હરીભાઇ આહીર ને તપાસેલ છે. આરોપી એ રજુ કરેલ મુદ્દામાલ બુલેટ વિગેરે પંચનામાના પંચને તપાસેલ છે. તેઓએ માત્ર આંક–૨૨ ના પંચનામામાં સહી કરેલાનુ જણાવેલ છે. તેમની

હાજરીમાં કોઇ આરોપીને અટક કરેલ નથી કે તેઓએ કંઇ રજુ કરેલ નહી હોવાનુ જણાવેલ છે.

આંક–૨૬ થી સચીન સથવારાને તપાસેલ છે. તેઓએ પોલીસે તૈયાર કાગળમા સહી લીઘેલ અને બનાવ વાળી જગ્યાએ ગયેલ નહી હોવાનુ અને આંક–૨૭ ના પંચનામામાં સહી હોવાનુ જણાવેલ છે.

આંક–૪૨ થી શોકતભાઇ લુહારને તપાસેલ છે. સ્થાનીક જગ્યાના પંચને તપાસેલ છે. તેઓએ માત્ર આંક–૪૩ ના પંચામામાં સહી કરેલાનુ જણાવેલ છે. તે સીવાયની અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે.

આંક–૪૪ થી પૂચ કાસમભાઇ માંજોઠીને તપાસેલ છે. તેઓએ પોલીસે આંક–૪૩ ના તૈયાર પંચનામામાં સહી લીઘેલ તે સીવાય કંઇ જાણતા નહિ હોવાનુ જણાવેલ છે.

આંક–૪૯ થી વેલજીભાઇ મેરીચાને તપાસેલ છે. તેઓએ આંક–૫૦ ના પંચનામામાં માત્ર સહી કરેલી, તેમની હાજરીમા કોઇ મુદામાલ સેમ્પલ કબજે કરવામાં આવેલ નહી હોવાનુ જણાવેલ છે. આંક–૫૧ થી રણછોડભાઇ ડાંગરને તપાસેલ છે. તેઓએ આંક–૨૨ ના પંચનામામાં સહી કરેલ તેમની હાજરીમાં કોઇને અટક કરેલ નથી. મદામાલ કબજે કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. આંક–૫૨ થી ભોગીલાલ સથવારાને તપાસેલ છે. તેઓએ આંક–૨૭ ના પંચનામામાં સહી કરેલ તે સીવાય બનાવ અંગે કંઇ જાણતા નહી હોવાનુ જણાવેલ છે.

આંક–૫૮ થી રણછોડભાઇ માતાને તપાસેલ છે. તેઓએ આંક–૫૯ ના પંચનામામાં સહી કરેલ જે તૈયાર લખેલ હોવાનુ અને પોલીસે તેમની હાજરીમાં કઇ કબજે કરેલ નહિ હોવાનુ જણાવેલ છે.

આંક–૬૦ થી પચાલ ચાવડા પંચને તપાસેલ છે. તેઓએ આંક–૫૯ ના પૈચાર પંચનામામાં સહી કરેલ તે સીવાય તેમની હાજરીમા કોઇ ચીજવસ્તુ કબજે થયેલ નથી. કોઇને સાથે ગયેલ નથી.

આમ, ઉપરોકત તપાસેલ દરેક મુદામાલ રીકવરીના પંચો, સ્થાનીક જગ્યાના પંચો વિગેરે દરેક પંચો સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવાની માગણી કરતા, અને ઉલટતપાસમા પુછી શકાય તેવા સિધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઈ પુરાવો આપેલ નથી.

તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ તેમની હાજરીમા કોઇ મુદામાલ કબજે થયેલ નથી, કોઈ જગ્યાએ ગયેલ નથી, કોઈ સાથે વાતચીત થયેલ નથી, તૈયાર પંચનામામા પોલીસે સહી લીધેલાનુ જણાવેલ છે.

**સરકારી સાહેદ ની જુબાની :–**

(૧૬) આંક–૬૧ થી શાંતીબેન ચાવડાને તપાસેલ છે. તેઓ મામલતદાર કચેરીમા ફરજ બજાવતા હોઈ બનાવ વખતે તાઃ ૦૪–૦૧–૨૦૧૯ થી ૩૧–૦૧–૨૦૧૯ સુધી જીલ્લા મેજીસ્ટ્રેટનુ જાહેરનામુ અમલમા હોવાનુ જણાવી તેની નકલ રજુ કરેલ છે. જયારે, ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે જીલ્લા મેજીસ્ટ્રેટ સાથે તેણીએ નોકરી કરેલ નથી. ગેઝેટના નંબર ખબર નથી, તે વાંચેલ નથી, અને જાહેરનામુ ઢોલ વગાડી દાંડી પીટી પસિધ્ધ કરાવેલ કે કેમ તેની ખબર ન હોવાની હકીકતો જણાવેલ છે.

<u>**પોલીસ સાહેદઃ–**</u>

<u>**પી.એસ.ઓ.**</u>

(૧૭) આ કામે આંક–૪૬ થી સંજયભાઈ પરમાર પી.એસ.ઓને તપાસેલ છે. જેઓને પી.આઇ. લોકોરે લીધેલ ફરીયાદ દાખલ થવા આવતા નોંધેલી અને આગળની તપાસ સોંપેલનું જણાવેલ છે અને જરૂરી સાધનીક કાગળો રજુ કરેલ છે અને ઉલટ તપાસમા માત્ર ફરીયાદ દાખલ કરેલ અને આરોપીને જાતે ઓળખતા નહી હોવાનુ જણાવેલ છે.

**સરકારી દવાખાને સેમ્પલ લાવનાર સાહેદની જુબાની .**

(૧૮) આંક–૪૫ થી વશરામભાઈ ચૌધરીને તપાસેલ છે. તેઓએ આરોપી

તથા ભોગ બનનારના સૈમ્પલો અંજાર સરકારી દવાખાનેથી લાવી ત.ક.અ. સમક્ષ્ રજુ કરેલ અને તેનુ પંચનામુ કરવામાં આવેલ અને ત.ક.અ. એ નિવેદન લીધેલાનુ જતાવેલ છે. ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે સેમ્પલ લેવા માટે જવાનો કોઇ લેખિત હુકમ થયેલ નથી, અને કયા પ્રાઇવેટ વાહનમા ગયેલ તેના નંબર જણાવેલ નથી, તેમની હાજરીમા સૈમ્પલો લેવામાં આવેલ નથી, પંચનામામં સહી કરેલ નથી અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**ત.ક.અ.નો પુરાવોઃ–**

(૧૯) આ કામે આંક–૮૨ થી કે.વી.લાકોર ત.ક.અ.ને તપાસેલ છે. જેઓને આ કામની તપાસ સોંપાતા ફરીયાદીની ફરીયાદ લીધેલ અને આ કામની તપાસ સોંપાતા ગુનાવાળી જગ્યા, આરોપીઓની અટક, મુદ્ધામાલ રીકવરી ના પંચનામાઓ કરેલ. મેડીકલ યાદી કરેલ સાહેદના નિવેદન લીધેલ, પુરતા પુરાવાએ ચાર્જશીટ કરેલાનુ જણાવી આંક–૮૩ થી ૧૦૩ સુધીના કાગળો રજુ કરેલ છે. જ્યારે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,

(૨૦) આમ, ઉપરોક્ત કેસની હકીકત સંજોગો વિગેરે ધ્યાને વંચાણે લેતા આ કામના ફરીયાદી સાહેદો કે જેમાં ભોગ બનનાર સહિતનો સમાવેશ થાય છે તેઓએ તેમના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે. તેમજ ફરીયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે કામના આરોપીએ તેમની સાથે કોઇ બળજબરીપૂર્વક દુષ્કૃત્ય કરેલ નથી,છરી બતાવેલ નથી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, મોબાઇલ લૂટ કરેલ નથી, અને તેમના કપડા પોલીસે કબજે કરેલ નથી, કોઇ સેમ્પલ લીધેલ નથી, દવાખાને ગયેલ નથી, ગુના વાળી જગ્યાએ ગયેલ નથી, પોલીસના કહેવા મુજબ કોર્ટમાં નિવેદન આપેલ અને ત્રણ વર્ષ પહેલા તણીના લગ્ન થઇ ગયેલ હોવાનુ અને હાલ સાસરે હોવાનુ જણાવેલ છે. જયારે ફરીયાદી ના માતા–પિતા હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને તેઓએ બનાવ બાબતે કંઇ જાણતા નહિ

હોવાનુ, ભોગ બનનારની સાથે કોઇ વાતચીત થયેલ નહિ હોવાનુ જન્મ તારીખ યાદ નહી હોવાનુ, વિગેરે હકીકતો જણાવેલ છે. આ કામે ભોગ બનનાર અને આરોપી મોટર સાયકલ ઉપર જતા હોવાનુ અને તેણીને પરત લાવેલ તેવા નજરે જોનાર સાહેદ લતીફભાઇ ને આંક–૫૩ તપાસેલ છે. તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અન્ય સાહેદોને તપાસેલા નથી. તે સીવાય તપાસેલ અન્ય પંચો આંક–૧૭ તથા આંક–૧૯ સીવાયના હોસ્ટાઇલ જાહેર થયેલ છે. આંક–૧૭ તથા આંક–૧૯ ના પંચો કે જે ભોગ બનનાર તથા આરોપીના કપડા રજુ થયેલા તે અંગેના પંચનામાના પંચ છે પરંતુ ભોગ બનનારે પોલીસને કોઇ કપડા આપેલ નહી હોવાનુ જણાવેલ છે. અને બાકીના ડોકટર તથા પોલીસ સાહેદો છે પરંતુ આ કામના મહત્વના સાહેદો ફરીયાદીસ–ભોગ બનનાર તેણીના માતા–પિતા તથા અન્ય સાહેદો ફરીયાદ પક્ષના કેસની હઅકીકતને સમર્થન આપતા ન હોઇ અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હોઇ તે રીતે ઉપરોક્ત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને વંચાણે લેતા ફરિયાદપક્ષ તરફેનો આરોપી સામેનો કેસ પુરવાર થતો ન હોય તથા કેસની હકીકતોને તેઓએ સમર્થન આપેલ નથી. તે રીતે આ કેસની હકીકત, સંજોગો,પક્ષકારોની દલીલો, રેકર્ડ ઉપરનો પુરાવો વિગેરે ધ્યાને વંચાણે લેતાં,મુદા નં.૧ નો જવાબ ''નકારમાં''ઠરાવવામાં આવે છે અને મુદ્ધા નં. ૨ તથા નંઈ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ સાથે હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી અ**તુલ ધના આહીર,**રહે: અમરાપર, તા: અંજાર–કચ્છનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬,૩૭૬(૧),૩૯૨, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ હેઠળના ગુનાઓમાંથી સી.આર.પી.સી.નલ કલમ– ૨૩૫(૧) અન્વ્યે નિર્દોષ ઠરાવી છોડી

મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(૧) પ્રમાણે અપીલ સમય સુધી ૬ (છ) માસ સુધીના અત્રેની કોર્ટમાં રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપવાના રહેશે.

(૩) આ કામે જે કાંઈ મુદામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને મોબાઈલ અંગે હુકમ થયેલ ન હોય તો તેના માલીકને તે અંગેના યોગ્ય પુરાવા રજુ થયેથી અપીલ સમય પુરો થયેથી પરત કરવો તથા બીનકિંમતી હોય તે અપીલ સમય પુરો થયે નિયમ મુજબ નાશ કરવો

હુકમ આજરોજ તા.૩૧મી, માહે: ડિસેમ્બર સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અંજાર–કચ્છ.
તારીખ: ૩૧ / ૧૨ / ૨૦૨૫

(કમલેશ કે. શુકલ)
ત્રીજા અધિક સેશન્સ જજ,
અંજાર–કચ્છ
યુ.આઈ. કોડ નં. જીજે–૦૦૫૪૭